


## ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં રખડતા પશુઓનો અડ્ડો

ખેડબ્રહ્મા શહેરની મધ્યમાં આવેલ તાલુકા પંચાયત સંકુલમાં રખડતા પશુઓનો ત્રાસ વધી ગયો છે. ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના સંકુલમાં દિવસ દરમ્યાન મોટા ભાગે રખડતા પશુઓ અડીંગો લગાવી પડ્યા રહે છે. ઘણીવાર તો ઓફિસોના દરવાજા સુધી પહોંચી જાય છે. કોઈ અરજદારને ઓફિસમાં જવુ હોય તો બે વાર વિચાર કરવો પડે તેવી સ્થિતિ સર્જાય છે. અને છેલ્લા પંદર દિવસથી શહેરમાં ગધેડાની આખી ફોજ ઉતરી પડેલી છે. જે મોટાભાગે તાલુકા પંચાયત આજુબાજુ જ ફરતા હોઈ રોડ ઉપર પણ ટ્રાફિકની સમસ્યા સર્જાય છે.

# ભિલોડા તાલુકામાં ઝરઝર ઝરમર કાચુ સોનું વરસ્યું

ભિલોડા,તા.૨૧

ભિલોડા તાલુકામાં ઝરઝર ઝરમર કાચુ સોનું વરસાદરૂપી વરસ્યું ખેતીના લહેરાતા કપાસ, મગફળી, સોયાબીન, અળદ સહિત વિવિધ પાકોને જીવતદાન મળતાં ધરતીપુત્રો મલકાયા હતા. ભિલોડામાં ઠેર-ઠેર નીચાણવાળા રેસીડેન્ટ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં ચુડવેલોનો ઉપદ્રવ વધતાં પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે. વરસાદનો ધોરી મહિનો અષાઢ માસ પુર્ણતાના આરે છે ત્યારે નહીવત વરસાદના કારણે ખેડુતો ચિંતીત છે. એક તરફ નહીવત વરસાદના કારણે ખેતીના વિવિધ પાકોમાં રોગના ઉપદ્રવ સામે ખેડુતો પાકને બચાવવા જંતુનાશક દવાઓ છાંટી પાકને બચાવવાના પ્રયાસો કરી રહ્યા છે. આકાશમાં કાળા ડિબાંગ ગોરંભતા વાદળો ઘેરાય છે પરંતુ વરસાદ મન મુંકીને વરસતો નથી ત્યારે અસહ્ય બાફ અને ઉકળાટનું પ્રમાણ વધતાં પ્રજાજનો ત્રાહિમામ છે. ભિલોડા તાલુકામાં મેઘુલીયો મન મુંકીને વરસે તેવી આશા પ્રજાજનો સેવી રહ્યા છે. ભિલોડા મામલતદાર કચેરી ફલ્ડ કંટ્રોલ વિભાગના જણાવ્યા મુજબ ૧૯ મી.મી. વરસાદ આજ દિન સુધીમાં કુલ વરસાદ ૨૭૨ મી.મી.વરસ્યો છે.

# મોડાસામાં જીએસટીના વિરોધમાં સરકારી કોન્ટ્રાક્ટરોના ધરણા

મોડાસા, તા. ૨૧

જીએસટીનો અમલ થયા બાદ વિવિધ ધંધાર્થીઓ તેનો વિરોધ કરી રાહત આપવા માટે સરકારનું ધ્યાન દોરવા પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કોન્ટ્રાક્ટર એસોસિએશન દ્વારા મોડાસાની આરએનબી કચેરીના મેદાનમાં ધરણા કરવામાં આવ્યા હતા. આ એસોસિએશનના પ્રમુખ અમૃતભાઈ એસ. પટેલે અને ખજાનચી વિનોદ પટેલે કોન્ટ્રાક્ટરોના પડતર પ્રશ્નો અને તાજેતરમાં લાગુ પાડવામાં આવેલા જીએસટીના કાયદાના કારણે કોન્ટ્રાક્ટરોને નુકસાની વેઠવી પડી રહી હોવાની વાત રજૂ કરી હતી. વળી જીએસટી લાગુ પડ્યા પહેલાથી પ્રગતિમાં રહેલા જુના કામો પર ૧૦થી ૧૨ ટકાનું ભારણ પણ કોન્ટ્રાક્ટરો પર વધી જતા મુશ્કેલી વેઠવી પડી રહી છે, સાથે સાથે રોયલ્ટી પણ વધી જતા વધારાની મુશ્કેલી ઉભી થઈ છે ત્યારે સરકાર આ મામલે ચોક્કસ પગલાં લઈ કોન્ટ્રાક્ટરોના હિતમાં કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો. આ ધરણાં પ્રદર્શનમાં મોડાસા, મેઘરજ, ધનસુરા, બાયડ સહિતના તાલુકામાંથી કોન્ટ્રાક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.



# ભારતીય કિસાન કાર્યકારીણી બેઠકમાં દેશના ખેડૂતની વર્તમાન સ્થિતિ અંગે ચિંતન કરાશે

## દેવાનાબુદી, પાકવિમા યોજના સહિત કૃષિલક્ષી ઉત્પાદનો પર જીએસટી અંગે ચર્ચા કરાશે

ગાંધીનગર, તા. ૨૧

ભારતીય કિસાન સંઘ દ્વારા અખિલ ભારતીય કિસાન કાર્યકારીણી બેઠક તા. ૨૧ થી ૨૪ જુલાઈ દરમ્યાન રાજસ્થાનના ઉદેપુર ખાતે યોજવામાં આવી છે. આ બેઠકમાં કિસાનોની વર્તમાન સ્થિતિ, કાયમી કર્જમુક્તિ અને પાકવિમા યોજના તથા ડ્રીપ એરિગેશન સહિત કૃષિલક્ષી ઉત્પાદનો પર જીએસટી અંગેની સંભવિત અસરો સાથે વિરોધ નોંધાવવા અંગેની બાબતોની ચર્ચા હાથ ધરાશે. કિસાન કાર્યકારીણીની બેઠકમાં દેશભરમાંથી રાષ્ટ્રીયકક્ષાના અધિકારીઓ, સંગઠનમંત્રી, પ્રદેશ પ્રમુખ-મહામંત્રીઓ-ક્ષેત્રાધ્યક્ષો સહિત સદસ્યો ઉપસ્થિત રહેશે.

સમગ્ર દેશના કિસાનોની વર્તમાન સ્થિતિ, દેવાનાબુદી કિસાનોની કાયમી કર્જ મુક્તિની સ્થિતિ બનાવવા પાક વિમા યોજનાના મરજીયાત કરવી, હાલમાં લાગુ કરાયેલ જીએસટીની અસરોમાં ૧૮ ટકા ડ્રીપમાં અને રોજીંદા ખેતીના પુરક વ્યવસાય એવા દૂધમાં અનિવાર્ય પશુ આહારમાં ૫ ટકા જીએસટી અને અન્ય કૃષિક્ષેત્રે સંભવિત અસરોની ચર્ચા અને વિરોધ નોંધાવવા, જી.એમ. રાયડા પાક સહિતને મંજુરી આપવાની કેન્દ્રની હિલચાલનો તીવ્ર વિરોધ કરવો અને ખેતીના ખૂબજ મહત્વપૂર્ણ એવા તમામ પાકોના પોષણક્ષમ ટેકાના ભાવો નફા સાથે નક્કી કરવા અને તેની ખરીદી માટેનું વ્યવસ્થાતંત્ર ગ્રામિણ સ્તર પર ગોઠવવુ અને દેશની તમામ નદીઓને જોડવાના ઈન્ટરલીંકીંગ પ્રોજેક્ટને અગ્રીમતા આપી હાથ પર લેવા જેવા મુદ્દો અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે અને સંગઠન દ્વારા ચલાવાયેલા સંસદના વિશેષ સત્ર કિસાનોની સમસ્યાઓની ચર્ચા માટે બોલાવવાની માંગને વધુ તીવ્રતાથી ઉઠાવવા રણનીતિનો વિચાર કરાશે.



## અરવલ્લી જિલ્લા આરટીઓની ટીમે ઓવર લોડ સાત ટ્રક ઝડપી પાડી

જિલ્લામાં ખાણ ખનીજ ઓવર લોડ ભરી વહન કરતા વાહનો સામે જિલ્લા આરટીઓ વિભાગે લાલ આંખ કરી જિલ્લાના ત્રણ સ્થળોએથી સાત જેટલી ટ્રકો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અરવલ્લી જિલ્લામાં ખાણ ખનીજ બ્લેક ટ્રેપ કપચી, ગ્રીટ તથા રેતી ઓવરલોડ ભરી વહન કરતા વાહનોનુ જિલ્લા આરટીઓ કચેરી દ્વારા ટીમ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ધનસુરા, બાયડ અને સાઠંબા પંથકમાંથી અરવલ્લી જિલ્લાના આરટીઓ કચેરીના જે.કે. મોઢ અને તેમની ટીમે ધનસુરા રોડ પરથી ચાર ઓવરલોડ ટ્રકો ઝડપી પોલીસ સ્ટેશને મુકી ડીટેઈન કરી હતી. જ્યારે બાયડમાં બે ટ્રકો સાઠંબામાં એક ટ્રક મળ કુલ સાત ઓવર લોડ ઝડપી પાડી કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરતા જિલ્લામાં ઓવરલોડ ભરી વહન કરતા વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સિક્યોરીટીનો દંડ

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ઘર વપરાશના વીજ જોડાણવાળા ગ્રાહકોને કમર તોડી નાખે તેવો સીક્યોરીટી ડીપોઝીટ રકમ ભરવા ૧ માસની મુદત સાથે ઘર વપરાશના બીલ કરતાં બમણી રકમ ભરવા નોટીસો મોકલી છે.

ભારતીય વીજધારો ૨૦૦૩ની કલમ ૪૭માં આપેલ સત્તા મુજબ તથા ગુજરાત વીજ નિયમન પંચના જાહેરનામા નં. ૮ની કલમ ૪-૬-૪-૯ તથા ૪-૧૦થી આપેલ સત્તા મુજબ ૨૦૧૬-૧૭ના સરેરાશ વપરાશના વધારે બીલ કરતાં બમણી રકમ ભરવા સીક્યોરીટી ડીપોઝીટ તરીકે જમા કરાવવા ૩૦ દિવસની મુદત આપી છે અને નફામાં જણાવ્યું છે કે જો સદર ડીપોઝીટ જમા કરાવવામાં નહિ આવે તો આ રકમ ઉપર જાહેરનામા નં. ૮ની કલમ ૪-૧૩ મુજબ ૦-૨૫ ટકા સરચાર્જ વસૂલ કરવામાં આવશે. આ સરચાર્જ માસિક નહિ હોય પરંતુ અઠવાડિક ચાર્જ વસૂલાશે. (ભારતમાં અઠવાડિક ચાર્જ ક્યાંય વસૂલાતો નથી) તથા વીજધારો ૨૦૦૩ની કમલ ૪૭(૩) તથા ૫૬ની જોગવાઈ મુજબ વીજ પૂરવઠો કાપી નાખવામાં આવશે તેવુ ઉત્તર ગુજરાત વીજ કંપનીના નાયબ ઈજનેર મેઘરજ દ્વારા અચ્છે દિનની ભેટ આપવામાં આવી છે. જો કે બોર્ડ દ્વારા વાયર નાખીને ઘર વપરાશ કે થ્રી ફેજ કે સીંગલ ફેજ મોટરો ફેરવનારાને કદિ દંડ કર્યો નથી કે વાયર કાયમી કાપેલ નથી પરંતુ નિયમિત રકમ ભરનારા માટે આ વીજ કંપની ખેડૂતોની કમર તોડી નાખશે જેની સામે હવે કિસાન સંઘ દ્વારા લડત આપવી જ પડશે તેવુ ખેડૂતો જણાવે છે. વળી ડીપી તૂટી જાય છે કેબલ વાયરો હોતા નથી વારંવાર લાઈટ ડૂલ થઈ જાય છે. થાંભલા નમી જાય છે. તાર ઢીલા થઈ જતાં પાક બળી જાય છે. ઘણુ નુકશાન થાય છે તે જોવાતુ નથી અને વધારે બીલો ભરવાની નોટીસો આપવામાં આવે છે. આ કેવો ન્યાય, ખેડૂતોએ ન્યાય મેળવવા જાગૃત ખવુ પડશે જ.

### સમયસર.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર સૌની મીટ મંડાયેલી છે. હમણાં તો ૧૫ ઓગષ્ટ પછી અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તેઓ એક વિશાળ જનચેતના મહાસભા કરવાના છે અને તેનું આયોજન પણ હાથ ધરી દેવામાં આવ્યાના સંકેતો મળ્યા છે.

આમેય ઓગષ્ટ ક્રાંતિનો મહિનો છે અને સપ્ટેમ્બર ભાજપ માટે પડકારરૂપ ગુજરાતના સંદર્ભમાં રહ્યો છે એ વાત સૌ જાણે છે ત્યારે બધા જ પ્રશ્નોના ઉત્તર આ દિવસોમાં આવશે અને ગુજરાતનું રાજકારણ વધુ એકવાર કરવટ બદલશે તેમ મનાઈ રહ્યું છે.

### ધરણામાં જોડાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા હતા. જી એસ ટી ના અમલ અને રોયલ્ટીના ભાવ વધારાના લીધે કોન્ટ્રકટરોએ આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા પડતર પ્રશ્નોના નિકાલ માટે અગાઉ મુખ્યમંત્રીને પણ રજુઆત કરવામાં આવી હતી. જયારે આજે ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા ગાંધીનગરમાં સે-૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર અને અમદાવાદ સહીત ગુજરાતના વિવિધ શહેરોમાંથી ૪૦૦ જેટલા કોન્ટ્રાકટરો ધરણાંમાં જોડાયા હતા. કોન્ટ્રાકટર એસોસિએશનના જણાંવ્યા મુજબ જી એસ ટી ના અમલ તેમજ રોયલ્ટીના ભાવ વધારા સહીતના પ્રશ્ને કોન્ટ્રાકટરો પરેશાન છે. જયોર સરકારી કોન્ટ્રોકટરોએ આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે આગામી તા ૨૪ જુલાઈના રોજ કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા અમદાવાદથી મૌન મહારેલીનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

### મારી યાત્રા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામે મારે હું સત્તા લાલસા નથી ધરાવતો એની વારંવાર દુહાઈ દેવી પડે તે કેવું ? એના કરતાં સાપ કાંચડી ઉતારે એમ બધાંજ પક્ષીય બંધન, પદ અને જવાબદારીઓ ફગાવી દઈ મારા જાહેર જીવનની નિરપેક્ષ રચનાત્મક વળાંક આપવો એ જ મને ઉચિત લાગે છે. જેમને હું નડતરરૂપ કે આડખલીરૂપ લાગતો હતો એ બધાને માટે મારી અંતઃકરણની શુભેચ્છાઓ. મારે હવે કોઈની પાસેથી કશું નથી જોઈતું. મારા જવાથી એમને એટલું તો જરૂર સમજાશે કે આ માણસ હરહંમેશ પક્ષ અને પ્રજાજનો ખાતર સંઘર્ષ કરતો હતો, એનો સંઘર્ષ ક્યારેય સત્તાલક્ષી ન હતો.

### ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

બાળકોના આરોગ્ય તથા તેમની તંદુરસ્તીમાં અને તેમના વર્તનમાં ભારે સુધારો કર્યો છે તથા તેમનો માનસિક વિકાસ આગળ ધપાવ્યો છે. પાયાની શાળાઓમાં ભણતાં બાળકો શક્તિ અને ઉત્સાહથી ઉભરાય છે અને પોતાના વિચારો વધારે સારી રીતે વ્યક્ત કરી શકે છે. તેમને સહકારની ટેવ પડે છે અને તેઓ સામાજિક તથા બીજા બંધનોથી મુક્ત છે. પરિષદે ભવિષ્યમાં આ કેળવણીના આનાં કરતાં પણ વધારે સારા પરિણામો આવશે.'

પાયાની કેળવણીની પરિષદે તો શ્રેષ્ઠ કેળવણી માટે પાયાની કેળવણી સંદર્ભે આઝાદી મળી એના ૭ વર્ષ પહેલા શાળા સેવી હતી પરંતુ આઝાદી ગાંધીજી અને ગાંધી વિચાર થકી મેળવ્યા પછી શિક્ષણમાં ગાંધી વિચારની કેળવણી જ ક્રમશઃ બરખાસ્ત કરી દેવામાં આવી એની કરુણતા આજે શિક્ષણના પ્રશ્નોમાં પડઘાય છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

### કોંગ્રેસને રામરામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હું લોકો માટે જ છુ લોકોના પ્રશ્નો માટે લડીશ. ગુજરાતની પ્રજા મારી હાઈકમાન્ડ છે અને રહેશે. હું પક્ષ છોડી શકુ પણ તમને નહિ.

તેમણે નર્મદને ટાંકી કહ્યું હતુ કે નર્મદે સરસ્વતી મા ને કહ્યુ હતુ કે મા હવે હું તારા શરણમાં છુ બસ હું પણ તમને કહુ છુ કે હું મારા હાઈકમાન્ડ પ્રજાની શરણમાં છું.

સેવાદળથી સંઘ અને ભાજપા, રાજપા તેમજ કોંગ્રેસ સાથેના સંસ્મરણોને તેમણે પ્રવચનમાં વાગોળ્યા હતા. દિલ્હી સરકાર દ્વારા લવાયેલ આરટીઆઈ એક્ટ એ પણ તેમનુ સૂચન હોવાનો પહેલીવાર ઘટસ્ફોટ કર્યો હતો તેમજ હાલના કાપડ ઉદ્યોગના વિકાસ માટે લીધેલા ઐતહાસિક નિર્ણયોનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

શંકરસિંહજીએ ૮૭ મિનિટના મેરેથોન પ્રવચનમાં જણાવ્યુ હતુ કે કપડવંજથી રાજકારણમાં પ્રવેશ્યા હતા અને હવે કપડવંજના ધારાસભ્ય તરીકે પક્ષીય રાજકારણના ઘટનાક્રમ પર પૂર્ણ વિરામ મુકી રહ્યા છે.

તેમણે કહ્યુ હતુ કે તેઓ રાજ્યસભાની ચૂંટણી સંપન્ન થયા બાદ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપશે. આજના તેમના પ્રવચનમાં સંઘના વરિષ્ટો લક્ષ્મણરાવ ઈમાનદાર, કાશીનાથજી બાગવડે, અનંતરાયજી કાળે તેમજ તેમના શાળાના શિક્ષક રણછોડભાઈ અને એનસીસીના સાહેબ નરોત્તમભાઈ પટેલ સહિત સૌ પાસેથી પ્રાપ્ત થયેલી પ્રેરણાએ તેમનું ઘડતર કર્યું હોવાનો એકરાર કર્યો હતો.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે સત્તા એ સેવાનું સાધન છે માર્કેટીંગ ના હોય તેનુ. મુખ્યમંત્રી તરીકે પગાર નહોતો લીધો, લાલ લાઈટ તે વખતે દૂર કરી હતી આવી ઘણી બધી બાબતો છે. એ તમારા ધ્યાન પર મુકવા માગુ છુ. સુરક્ષા વ્યવસ્થા હટાવી ખુલ્લા લોક દરબારનો પ્રારંભ પણ અમોએ કર્યો હતો.

અન્ય વિચારધારામાં દિક્ષીત થયો હોવા છતાં કોંગ્રેસની વિચારધારા, નીતિઓ અને નિર્ણયો માથે ચડાવી જનસમર્થન વધારવાનો પરિણામલક્ષી અભિગમ દાખવતો રહ્યો છુ. ૨૦૦૨ના તોફાનો પછી કોંગ્રેસના મતોમાં ૪ ટકાનો વધારો થયો છે તેજ બતાવે છે.

### તહેલકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રાહકો તેમના ૧૫૦૦ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝીટ પરત લઈ શકે છે. તેમની આ જાહેરાતની સાથે અન્ય ફોન કંપનીઓંમાં ખળભળાટ મચી ગયો છે. તેમણે માહિતી આપતા કહ્યુહતુ કે જિયો પોન માટે ગ્રાહકોને કોઈ પૈસા આપવા પડશે નહી. તેની કિંમત શુન્ય રૂપિયા રહેશે. જિયોના બે નવા પ્લાન પણ લોંચ કરવામાં આવ્યા છે. જિયો ફોન પર બે દિવસ માટે ટેરિફ પ્લાન ૨૪ રૂપિયામાં રહેશે. જ્યારે સપ્તાહ માટે પ્લાન ૫૪ રૂપિયાનો રહેશે. જીયો ટીવી નિહાળવા માટે દર મહિને ૩૦૯ રૂપિયા આપવા પડશે. જીયો ફોનમાં ટીવી કેબલની પણ સુવિધા રહેશે. આ ફોનને કોઈ પણ ટીવી સાથે કનેક્ટ કરીને ટીવી નિહાળી શકાશે. મુકેશ અંબાણીએ જાહેરાત કરતા કહ્યુ છે ક જિયો ધન ધના ધન પ્લાન ૧૫૦ રૂપિયામાં મળનાર છે. જિયો ૧૫૩ રૂપિયામાં જિયો પોન ગ્રાહકોને અનલિમિટેડ ડેટા આપશે. જિો ફોન પર કોલ હમેંશા ફ્રી જ રહેશે. તેમણે એન્જિનિયરોની પ્રશંસા કરતા કહ્યુ હતુ કે આ ફોન તૈયાર કરવામાં કેટલાક યુવા એન્જિનિયરો હજારો કલાકો સુધી કામ કર્યુ છે. આ વર્ષ બાદ જિયો ફોનથી પોતાના ખાતામાં પૈસા પણ ટ્રાન્સફર કરી શકાય છે. જિયો ફોન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજીટલ ઈન્ડિયા અને સ્માર્ટ ઈન્ડિયાના સપનાને પુર્ણ કરે છે. ઈમરજન્સી કોલ આપવાની સ્થિતીમાં લોકેશન પણ આપશે. આજે સવાર આકાશ અને ઈશા અંબાણી દ્વારા જિયો ફોન વિધિવત રીતે લોંચ કરવામાં આવ્યા બાદ તેને લઈન ભારે આકર્ષણ જોવા મળે છે. 'મુકેશ અંબાણીએ ત્યારબાદ જીયો ફોન અંગે માહિતી આપી હતી.

### વોલ્વો બસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂટમાં જતા મુસાફરોને ધ્યાને લઈને પણ ડેપો દ્વારા નવા રૂટની બસો પ્રાયોગિક ધોરણે ચાલુ કરવામાં આવતી હોય છે. જો કે ગાંધીનગર જિલ્લાના ગામોમાં સલામત સવારી દોડતી ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં બહારના રૂટ માટે લંબાવાયેલી તેમજ ખાસ કિસ્સામાં શરૂ કરાયેલી બસો ડેપો કક્ષાએથી બંધ કરવાનો વારો આવ્યો છે. થોડા સમય અગાઉ ગાંધીનગર ડેપોમાંથી નાથદ્વારા જવા માટે ખાસ બસ સેવા ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સુરત તેમજ અમદાવાદ થી નાથદ્વારા રૂટમાં દોડતી વોલ્વો બસ સેવાનો લાભ ગાંધીનગર ડેપોના મુસાફરોને મળે તેવા આશયથી આ બન્ને વોલ્વો બસ વાયા ગાંધીનગર થઈને દોડવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ વોલ્વો બસને મુસાફરો ન મળતા ગાંધીનગર ડેપોમાંથી રાત્રિના સમયે ઉપડતી આ બસમાં ટ્રાફિકની દ્રષ્ટીએ નિરસ ચિત્ર ઉપસી આવ્યુ હતુ.

### પુરતો સમય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરશે. બીજી બાજુ શંકરસિંહ વાઘેલાના આક્ષેપોને ફગાવતા ભરતસિંહે કહ્યું હતું કે, પાર્ટી હાઈકમાન્ડ લોકશાહીની ઢબે ચાલે છે. વિચારધારા ક્યારે પણ પક્ષની વિરુદ્ધમાં હોઈ શકે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીમાં કોઈપણ પ્રકારની સરમુખ્ત્યારશાહી નથી. વાઘેલાને જ્યારે પણ સમય માંગવામાં આવ્યો ત્યારે પુરતો સમય આપવામાં આવ્યો હતો. હમેશા મોટી જવાબદારીઓ સોંપવામાં આવી હતી. શંકરસિંહ વાઘેલા અંગે વાત કરતા ભરતસિંહે એમ પણ કહ્યું હતું કે, ભાજપના સંદર્ભમાં તેઓ આજે કોઈ વાત કરશે નહીં પરંતુ એક વાત સ્પષ્ટ છે કે, કોંગ્રેસમાં ભાગલા પાડવાના પ્રયાસો થઈ રહ્યા હતા. જો કે, ગુજરાતમાં કોંગ્રેસ આ વખતે વધુ સારા દેખાવ સાથે અને મહેનત સાથે આગળ આવશે. માત્ર ભરતસિંહ સોલંકીએ જ નહીં બલ્કે શક્તિસિંહ અને ગુજરાતના પ્રભારી ગહેલોતે પણ એક સમાન પ્રતિક્રિયા આપી હતી. જો કે, કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સામે કેવા પગલા લેવામાં આવશે તે અંગે હજુ ભારે સસ્પેન્સની સ્થિતિ દેખાઈ રહી છે.

### મહિલા ક્રિકેટ ટીમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝડપી હતી. ટોસ જીતીન પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે જોરદાર બેટિંગ કરી હતી. ભારતીય ટીમની શરૂઆત સારી ન રહી હોવા છતાં હરમન પ્રીતે તમામ ચાહકોના મન જીતી લીધા હતા. મિતાલી અને હરમન પ્રીતે જોનદાર બેટિંગ કરી હતી. સદી ફટકારી દીધા બાદ હરમનપ્રીતે ઝડપી બેટિંગ કરી હતી. દિપ્તિ શર્માએ ૨૫ રન કર્યા હતા. ભારે વરસાદ અને ખરાબ પ્રકાશના કારણે મેચમાં કુલ ૧૬ ઓવર કાપી દેવામાં આવ્યાહતા. મેચમાં ઓવરની સંખ્યા ઘટાડીને ૪૨-૪૨ કરી દેવામાં આવી હતી. ભારતીય ટીમે કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ એક ફેરફાર સાથે મેદાનમાં ઉતરી હતી. ફાઈનલ મેચ ૨૩મી તારીખે રમાશે. ભારતીય મહિલા ટીમે શાનદાર દેખાવ કર્યા બાદ ટીમ પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. રાજીવ શુક્લા અને અન્યોએ ટીમને શુભેચ્છા પાઠવી છે. ભારતીય મહિલા ટીમ હવે વિશ્વ કપ પોતાના નામ પર કરીને ઈતિહાસ સર્જવાથી માત્ર એક મેચ દુર રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ